# માતા-પિતાની વચ્ચે પિસાતું અને ખેંચાતું બાળક

પાંચ અને ત્રણ વર્ષનાં બે બાળકોને એમનાં પિતા અને દાદીને હવાલે કરીને એક બહેન પોતાના પ્રેમી સાથે ભાગી ગયાં. સંતાનોને એનાં દાદી અને પિતા ઉછેરી રહ્યાં છે. માનો ક્યાંય પત્તો નથી... માને ભયાનક રીતે મારતા અને શરાબી પિતા સાથે છૂટાછેડા લેવા માટે માએ અરજી કરી છે, પરંતુ બાળકોની કસ્ટડી કોને મળવી જોઈએ એના ઝઘડામાં ચાર વર્ષથી છૂટાછેડા થયા નથી... એક યુવાન છોકરીના પિતાએ દેવામાં ડૂબીને સંન્યાસ લઈ લીધો, માએ આપઘાત કર્યો, કાકાએ છોકરીનાં લગ્ન જે પહેલો દેખાયો તે મુરતિયા સાથે કરી નાખ્યાં. છોકરી કંઈ સમજે એ પહેલાં એને બાળકો થઈ ગયાં... બાવીસ વર્ષની છોકરી પાંચ વર્ષના છોકરાની મા છે, હવે એને પ્રેમ થયો છે, પણ પ્રેમી સંતાનોને રાખવાની ના પાડે છે. લગ્નેતર સંબંધ પકડાઈ જતાં પતિ પોતાની પત્નીને ઘરમાં રાખવાની ના પાડે છે. સંતાનો કોનાં છે એ વિશે સમસ્યા ઊભી થઈ છે. ઝઘડો કોર્ટ સુધી પહોંચ્યો છે. આ બધા ઝઘડા, કેસિસ ફૅમિલી કોર્ટમાં આવે છે. આપણને ખબર પણ નથી એવી બાબતો અને મુદ્દા આ ફૅમિલી કોર્ટમાં ચર્ચાતાં હોય છે. ફક્ત છૂટાછેડા અને એલીમની સિવાય પણ અહીં એવી ઘણી બાબતો છે જે આપણું હૃદય વલોવી નાખે. ફૅમિલી કોર્ટમાં એકાદ વાર હાજરી આપવા જેવી છે... છૂટાછેડા લેવા આવેલાં અનેક દંપતી એકબીજાંની સાથે જે રીતે વર્તતાં હોય છે એ જોઈને આપણને પ્રશ્ન થયા વગર રહેતા નથી, ‘આટલી બધી કડવાશ અને આટલો બધો ધિક્કાર ક્યાંથી આવતો હશે? જે બે જણાં પોતાની જિંદગી વહેંચવાનું

નક્કી કરીને એકબીજાં સાથે જોડાય, સુખ-દુઃખમાં સાથે રહેવાનાં વચનો આપે, એમને અચાનક શું થઈ જતું હશે?'

ડિવૉર્સ કે છૂટાછેડા શબ્દ હવે આ સમાજ માટે બહુ નવો નથી. આજથી એક-દોઢ દાયકા પહેલાં દીકરી છૂટાછેડા લેવાની વાત કરે તો માતા-પિતા એને સમજાવી-પટાવીને સાસરે પાછી મોકલવા માટે જે થાય તે બધું કરી છૂટતાં. સમાજના બે-ચાર મોભીઓ કે વડીલોને વચ્ચે નાખીને પણ લગ્ન ટકી જાય એ માટેના તમામ પ્રયાસો કરવામાં આવતા. ભારતીય સમાજમાં લગ્ન સંસ્થા નહીં સંસ્કાર છે. એક વ્યક્તિને આપવામાં આવતા સોળ સંસ્કારોમાં લગ્નનું સ્થાન મહત્ત્વનું છે. બે વ્યક્તિઓ સાથે સાથે વૃદ્ધ થાય અને એકબીજાંનો સહારો બને એવી ફિલૉસૉફી સાથે ભારતીય સમાજમાં લગ્નો કરાવવામાં આવે છે અને એ જ ફિલૉસૉફી સાથે ટકે એવો પ્રયાસ પણ કરવામાં આવે છે. જો કે, છેલ્લા થોડા સમયથી ડિવૉર્સની સમસ્યા જંગલની આગની જેમ ફેલાતી જાય છે. હજી તો લગ્ન થયાના સમાચાર મળે એ પહેલાં ક્યારેક બે વ્યક્તિઓના છૂટા પડ્યાના સમાચાર આપણા સુધી પહોંચે એવું પણ બને. હવેનાં માતા-પિતા દીકરીને સમજાવી-પટાવીને પાછી મોકલવાને બદલે જમાઈ અને એના પરિવારને પાઠ ભણાવવામાં માને છે! બીજી તરફ વહુ સાથે ન ફાવે કે વહુના પરિવાર સાથે સમસ્યા ઊભી થાય એટલે સહુથી પહેલો વિકલ્પ છૂટાછેડાનો પસંદ કરવામાં આવે છે. છાપામાં આવતી લગ્નવિષયક જાહેરાતો કે શાદી.કોમ જેવી વેબસાઇટ્સ પર નજર નાખીએ તો સમજાય કે 'નિર્દોષ ડિવૉર્સી'ની સંખ્યા કુંવારા કરતાં વધી જવામાં બહુ વાર નથી.

લગ્ન થાય એટલે સાથે રહેવું જ જોઈએ, છૂટા ન જ પડવું જોઈએ, જે ઘરમાં ડોલી ઊતરે અર્થી ત્યાંથી જ ઊઠવી જોઈએ, આવી બધી અર્થ વગરની કે જૂની-પુરાણી માન્યતાઓને એક બાજુ મૂકીએ તો પણ છૂટાછેડાનાં કારણો હવેના સમયમાં એટલાં બધાં નજીવાં અને નકામાં હોય છે કે આપણને આઘાત લાગે. એક પતિ-પત્ની છૂટાં પડે તો બહુ તકલીફ નથી થતી. સમાજ થોડા દિવસ વાતો કરીને ચૂપ થઈ જતો હશે, પરંતુ એક માતા-પિતા છૂટાં પડે ત્યારે એનાં વર્તુળો બહુ દૂર સુધી ફેલાય છે. એક બાળક માટે એની મા કે એના પિતા બેમાંથી કોઈ ઓછું કે વત્તું નથી હોતું. બાળક નાનું હોય ત્યારે એનું એટૅચમેન્ટ સ્વાભાવિક રીતે એની મા સાથે હોય છે. એની રોજિંદી જરૂરિયાતો અને સલામતી બંને એની મા વધુ સારી રીતે સમજે છે અને પૂરી કરે છે. કોર્ટ પણ સામાન્ય રીતે બાર વર્ષથી નીચેના બાળકની કસ્ટડી માને આપવાનું પસંદ કરે છે. કેટલાક પરિવારોમાં જ્યારે છૂટાછેડા થાય ત્યારે સંતાનની કસ્ટડી લેવા માટે બહુ ધમાધમ થાય છે.

નવાઈની વાત એ છે કે દીકરીની કસ્ટડી લેવા માટે એટલી ખેંચાખેંચ નથી થતી જેટલી દીકરાની કસ્ટડી લેવા માટે થાય છે! કેટલીક વાર તો એક યુગલને જો દીકરો અને દીકરી હોય તો દીકરો પિતાને જોઈતો હોય ને દીકરીની કસ્ટડી લેવા પિતા તૈયાર ન થાય, આવા પણ કિસ્સા નજર સામે આવે છે ત્યારે આપણે કયા વિકાસની ચર્ચા કરીએ છીએ એવો પ્રશ્ન થયા વગર રહેતો નથી. કેટલીક વાર બાળક એ પિતાનું કે માનું નાક દબાવવાનું સાધન બની જતું હોય છે. મા સાથે ન ફાવતું હોય અથવા મા પરિવારને હેરાન કરતી હોય, ઝઘડા કરતી હોય ત્યારે છૂટાછેડા સિવાય કોઈ વિકલ્પ ન હોય એ પછી પણ પિતાનો સ્નેહ અને લાગણી સંતાન સાથે અતૂટ હોય એવું બને. એવા સમયે છોકરીનો પરિવાર બાળકના પિતા પાસેથી પૈસા પડાવવાની લાલચે કે ક્યારેક તો ફક્ત હેરાન કરવા માટે પણ સંતાનની કસ્ટડી નહીં સોંપીને પોતાનો ઇગો પુરવાર કરવા મથે છે.

આ અને આવા અનેક કિસ્સા આપણે સહુ જાણીએ છીએ, પરંતુ આ બધા કિસ્સામાં મા હારે કે જીતે, પિતા હારે કે જીતે અંતે તો હાર બાળકની જ થાય છે. એને તો બંને સાથે રહેવું હોય છે. એને માટે એનો સંપૂર્ણ પરિવાર એ જ એની જરૂરિયાત હોય છે. ખાસ કરીને જે પરિવારમાં બાળકનું એટૅચમેન્ટ બંને સાથે હોય એ પરિવારમાં આવા ડિવૉર્સ બાળકની માનસિકતાને છિન્ન-ભિન્ન કરી નાખે છે. હિન્દીના જાણીતા નવલકથાકાર મન્નૂ ભંડારીની નવલકથા ‘આપ કા બન્ટી’ એક વાર વાંચી જવા જેવી છે. છૂટાં પડેલાં માતા-પિતા પોતપોતાનો સંસાર ગોઠવી લે છે, પરંતુ નાનકડા બન્ટીને ક્યાંય ગોઠતું નથી. એને માટે માનો નવો પરિવાર અને પિતાની નવી પત્ની બંને સાથે જીવવું મુશ્કેલ થઈ જાય છે! આવું કેટલા પરિવારોમાં થતું હશે?

એક સાઇકૉલોજિકલ સરવે મુજબ ગુનાખોરીની દિશામાં વળતા મોટા ભાગના લોકોનું બાળપણ તિરસ્કૃત અને એકલવાયું જોવા મળ્યું છે. શરાબી પિતા અને પોતાનો રસ્તો શોધી લેતી મા આવાં બાળકોને બરબાદ કરવાના કારણમાં જોવા મળ્યાં છે. આ સમસ્યા માત્ર ઝૂંપડપટ્ટીમાં છે, નીચલા મધ્યમવર્ગમાં છે એવું નથી. સમાજના ક્રિમિલેયર કહી શકાય એવા ઉચ્ચ મધ્યમવર્ગમાં પણ જ્યારે છૂટાછેડા થાય છે ત્યારે બાળકોની કસ્ટડી માટેની ખેંચાખેંચ કોઈ કૂતરા-બિલાડા માંસના ટુકડા માટે ઝઘડતાં હોય એવી ઘૃણાસ્પદ હોય છે! અમીર અને સંભ્રાંત ઘરનાં સંતાનો સિગરેટ, શરાબ કે ડ્રગ્સની લતે ચડી જાય છે એના કારણમાં માતા-પિતાનું ઇગ્નૉરન્સ-અવગણના અને પરિવાર તરફથી નહીં મળતી સલામતી મુખ્ય છે.

કદાચ ન જ ફાવે અને છૂટાં પડી જ જવું પડે તો માતા-પિતા બંનેએ ફક્ત પતિ-પત્ની કે સ્ત્રી-પુરુષ તરીકે નહીં પણ એક જવાબદાર અને સમજદાર માતા-પિતા તરીકે વિચારવું જોઈએ. સાથે રહેવું જ જોઈએ, એકબીજાંને સહન કરી લેવાં જોઈએ એવી જૂની વાતો ઘૂંટવાનો અર્થ નથી, પરંતુ જે જીવને આપણે આ પૃથ્વી પર લાવ્યાં છીએ, એ જીવ પોતાની જવાબદારી લેતો ન થઈ જાય ત્યાં સુધી એની જવાબદારી લેવાની આપણી માનવીય ફરજ કેમ ચુકાય? એક સ્ત્રી માટે જે પતિ છે, જેને એ ધિક્કારે છે અથવા કડવાશથી ભરાઈ ગઈ છે એ જ પતિ બાળક માટે તો એનો પિતા છે. એક પુરુષ માટે જે સ્ત્રીને એ ધિક્કારે છે, એક પત્ની તરીકે જે સ્ત્રી કદાચ ઊણી ઊતરી છે એ સ્ત્રી એના બાળક માટે મા છે. એક બાળકને એના પિતાથી કે માથી જુદા પાડવાનો અધિકાર આ જગતની કોઈ વ્યક્તિ પાસે નથી. ગમે તેટલો વિરોધ હોય તો પણ એક બાળકને એના પિતાને મળવાની ઇચ્છા હોય તો માએ એમાં આડા ન ઊતરવું જોઈએ. અંગત તિરસ્કાર અને કડવાશને વચ્ચે લાવ્યા વગર એ પિતા કેવી વ્યક્તિ છે એનો નિર્ણય બાળકને પોતાને જ કરવા દેવો જોઈએ. એવી જ રીતે એક મા ઘર છોડીને ચાલી ગઈ, બીજા પુરુષના પ્રેમ પડી કે કકળાટ કરતી વ્યક્તિ છે એ વાતને બાળકના મન પર કોઈ ઉઝરડાની જેમ ઘસ્યા વગર એની મા કેવી વ્યક્તિ છે એ એને જ નક્કી કરવા દેવું જોઈએ.

આપણે બધા વૃદ્ધાશ્રમો વિશે ચિંતા કરીએ છીએ. વૃદ્ધોને ઘરમાંથી કાઢી મૂકતાં સંતાનોને આપણે જાત-જાતની ને ભાત-ભાતની સલાહો પણ આપીએ છીએ, પરંતુ વૃદ્ધોનું જીવન તો લગભગ પૂરું થયું છે અથવા થઈ જશે એમ માની લઈએ તો આ ઊગીને ઊભા થતા જીવો વિશે આપણને કેમ ચિંતા નથી થતી?

■ ■ ■

## તમે કોની ‘સાઇડ’ છો?

એક સારા પ્રૉજેક્ટમાં પતિ-પત્ની બંને કામ કરતાં હોય. એક સ્ત્રી, આ પ્રૉજેક્ટમાં જોડાય. આ સ્ત્રીની ક્ષમતા, આવડત કે ટૅલેન્ટ વિશે કોઈ શંકા ન હોય તેમ છતાં જે યુગલ આ પ્રૉજેક્ટ પર કામ કરી રહ્યું છે એમાં પત્નીને ઇગો પ્રૉબ્લેમ થવાના શરૂ થાય! નાની નાની વાતમાં વાંધા પડવા માંડે. ‘આમ કેમ બોલી?’ ‘આમ કેમ હસી?’ ‘આ રીતે કેમ વર્તી?’થી શરૂ કરીને એનું સૂચન કે સજેશન બરોબર ન હોય તેમ છતાં સ્વીકારાવું જ જોઈએ, એવા દુરાગ્રહો સાથે જો એક સ્ત્રી અને બીજી સ્ત્રી વચ્ચે સમસ્યા થવા માંડે તો પ્રૉજેક્ટ સાઇડ પર રહી જાય! સામાન્ય રીતે ટૅલેન્ટેડ અને કૉન્ફિડન્ટ સ્ત્રીઓ આવી અર્થ વગરના ચંચૂપાત સહી શકતી નથી. ખાસ કરીને જ્યારે પ્રૉફેશનલ સમસ્યા હોય ત્યારે સફળ સ્ત્રીઓ પ્રૉજેક્ટ છોડવાનું પસંદ કરે પણ કકળાટ કે રોજની કીચકીચ સહન કરવાનું એમને અનુકૂળ આવતું નથી... આમાં સૌથી ખરાબ સ્થિતિ એ પુરુષની થાય જેણે પેલી બીજી સ્ત્રીને માત્ર એની ટૅલેન્ટ ખાતર આ પ્રૉજેક્ટમાં જોડાવાનું આમંત્રણ આપ્યું હોય... મહત્ત્વ પ્રૉજેક્ટનું છે કે અંગત ઝઘડાનું? ઝઘડા માટે સાચે કોઈ કારણ છે ખરું, કે પછી આ માત્ર એક પત્ની તરીકેની અસલામતી અને પોતાનું મહત્ત્વ પુરવાર કરવાની કોઈ અટેન્શન સિકિંગ વૃત્તિ અને સામેની વ્યક્તિને નાની દેખાડવાની પ્રવૃત્તિ છે! પતિ-પુરુષ આ વાત સમજે છે, એટલે પ્રૉજેક્ટના હિતમાં ક્યારેક પોતાની પત્નીને સમજાવાનો પ્રયાસ કરે છે, પરંતુ આવી પરિસ્થિતિમાં એક સવાલ અચૂક પુછાય છે કે, “તમે કોની સાઇડ છો?” ત્યારે પુરુષે નિર્ણય કેવી રીતે લેવાનો? પ્રૉફેશનલ કે પર્સનલ? જો પત્નીનો પક્ષ લે તો પ્રૉજેક્ટ પર અસર થાય છે,

જો પ્રૉજેક્ટ માટે થઈને બીજી સ્ત્રીનો પક્ષ લે તો ગૃહક્લેશ અને શંકાનાં બીજ રોપાય છે...

આ માત્ર પ્રૉફેશનલ સમસ્યા નથી, નવી પરણીને આવેલી પુત્રવધૂ થોડા જ મહિનામાં પોતાના પતિને પૂછે છે, “તમે કોની સાઇડ છો? તમારી મમ્મીની કે મારી?” પુરુષ માટે નિર્ણય કરવો અઘરો નહીં અસંભવ છે. જે માએ એને આટલા વર્ષ સ્નેહથી ઉછેર્યો, ઉજાગરા કર્યા, કાળજી લીધી એ મા કદાચ ખોટી પણ હોય અને એ વાત એને સમજાતી પણ હોય તોય આ વાત માને મોઢામોઢ કહી દેવી સરળ નથી... બીજી તરફ પત્ની છે, સેક્સ છે, પ્રેમ છે, ઘરની શાંતિ છે અને ભવિષ્ય છે... કોની સાઇડ લેવાની? કેમ?

બહુ આશ્ચર્યની વાત છે, પરંતુ આ સવાલ પૂછતા પુરુષો પ્રમાણમાં ઓછા જોવા મળશે... વાત ઇગો પર ન આવે ત્યાં સુધી સામાન્ય પુરુષ પોતાની પત્નીને આવી કોઈ પસંદગી કરવા મજબૂર કરતો નથી! ભાઈ કે પતિ, પિતા કે પતિ, બૉસ કે પતિ જેવા સવાલો ચોક્કસ આવે છે, પરંતુ પ્રમાણમાં ઓછા!

આના કારણમાં કદાચ એવું છે કે પુરુષને અહંકારી, ઇગોઇસ્ટિક પ્રૉજેક્ટ કરવામાં આવ્યો છે, પરંતુ પુરુષ કરતાં સ્ત્રીનો ઇગો પ્રમાણમાં વધુ તીવ્ર અને વધુ અઘરો છે. સ્ત્રીનો ઇગો અસલામતીમાંથી આવે છે, ઇન્ફિરિયારિટીમાંથી આવે છે. અસલામતી અને લઘુતાગ્રંથિમાંથી આવતો આ ઇગો સામેની વ્યક્તિને હરાવીને જ જંપે છે. એમાંય, સ્ત્રીના ડીએનએમાં અસલામતી છે. ગમે તેટલી સફળ અને પ્રસિદ્ધ સ્ત્રી પણ એક ઉંમરે પહોંચ્યા પછી કોઈ કારણ વગર અસલામત થઈ જતી જોવા મળે છે. સ્ત્રીને એવું શીખવવામાં આવ્યું છે કે એની સલામતી, પ્રસિદ્ધિ, સફળતા બધું જ એની યુવાની સાથે સંકળાયેલું છે. એ માને છે કે એનો પુરુષ પણ, (પતિ કે પ્રેમી) એને ત્યાં સુધી જ પ્રેમ કરશે જ્યાં સુધી એ યુવાન અને ખૂબસૂરત છે. આવા સમયમાં જ્યારે કોઈ પ્રૉફેશનલી ટૅલેન્ટેડ, સફળ અને મહેનતુ સ્ત્રી સાથે એનો ટકરાવ થાય છે ત્યારે એની કારકિર્દીની સામે એનું પત્નીત્વ કે સ્ત્રીત્વ આવીને ઊભું રહી જાય છે. પતિ જ્યારે બીજી સ્ત્રીનાં વખાણ કરે કે એની સાથે વધુ નિકટ હોય ત્યારે સ્ત્રીને લાગે છે કે એણે એના પતિને સાચવવો જોઈએ, પકડી રાખવો જોઈએ... સત્ય તો એ છે કે પુરુષ જે સ્ત્રીનાં વખાણ કરે છે, અથવા જેને માટે આદર ધરાવે છે એ સામેની સ્ત્રીનું પ્રૉફેશનાલિઝમ મહેનત કે ટૅલેન્ટ છે... એનું સ્ત્રીત્વ નહીં. આ વાત જો પત્ની સમજે, તો પ્રૉજેક્ટ અને પ્રેમ બંને ટકી જાય... પણ દુર્ભાગ્યે એમ થતું નથી. પ્રશ્ન પુછાયા વગર રહેતો નથી, “તમે કોની સાઇડ છો?”

એવી જ રીતે મા અને પત્નીનાં સ્થાન તદ્દન અલગ છે. મા જે જગ્યાએ છે ત્યાં પત્ની કદી પહોંચી શકવાની નથી અને પત્ની જે મેળવે છે તે મા પામી શકવાની

નથી, એને પામવામાં રસ પણ નથી... તેમ છતાં, આ બંને જણાં વચ્ચે એક જ પુરુષને લઈને ક્લેશ થાય છે. માલિકીભાવ, ઇગો અને એની સાથે જોડાયેલી ખેંચાખેંચ પરિવારમાં કારણ વગરનો ગૃહક્લેશ દાખલ કરે છે!

એક મરાઠી ફિલ્મમાં દીકરો એક છોકરીના પ્રેમમાં પડે છે. મા વિધવા છે. એણે અત્યંત મહેનત કરીને દીકરાને ઉછેર્યો છે. ડૉક્ટર બનાવ્યો છે. માનો વાંધો માત્ર એટલો જ છે કે છોકરી બ્રાહ્મણ નથી! દીકરો માની વિરુદ્ધ જઈને પ્રિયતમા સાથે લગ્ન કરે છે... શરૂ થાય છે ભયાનક ગૃહક્લેશ! માને નાની નાની વાતમાં વાંધો પડે છે, પત્નીને યાદ છે કે એ જ્યારે પહેલી વાર મળવા આવી ત્યારે એની સાસુએ એનું કેવું અપમાન કર્યું હતું... એને પણ આ નાના નાના વાંધાની સામે પોતાનો મુદ્દો સાબિત કરવો હોય છે. એક દિવસ એવો આવે છે કે જ્યારે દીકરો બંનેના ક્લેશથી અકળાઈને બહાર નીકળે છે અને અકસ્માતમાં મૃત્યુ પામે છે. હવે આ બંને જણાંએ એકબીજાની સાથે જીવવાનું છે. છોકરી અનાથ છે, એની પાસે પાછા જવાની કોઈ જગ્યા નથી. હવે મા પણ એકલી છે... ઝઘડાનો મુદ્દો રહ્યો જ નથી, કારણ કે જેની માલિકી માટે ઝઘડા હતા એ તો છે જ નહીં! હવે શરૂ થાય છે એક નવો પ્રવાસ, નવો સંબંધ... આવું બને ત્યારે સવાલ થાય છે કે જો પછીથી મજબૂરીમાં એડ્જસ્ટ કરવાનું જ હોય તો સમજદારીમાં એડ્જસ્ટ કેમ નહીં કરવાનું? જેને પ્રેમ કરીએ છીએ એને દુઃખી કરીને શું મળે છે એવો સવાલ બંને પેઢીની સ્ત્રીઓએ પોતપોતાને પૂછવો જોઈએ.

આ પ્રૉફેશન હોય કે પરિવાર, સ્ત્રીએ પોતાનો અહંકાર, ઇગો, અસલામતી અને લઘુતાગ્રંથિને બાજુએ મૂકતાં શીખવું જ પડશે. બે અભિનેત્રીઓ, બે ડૉક્ટર્સ કે બે ગૃહિણીઓની આ લડાઈ અંતે તો હાઈટેક વૉર જેવી હોય છે. એમાં બંને પક્ષે માત્ર ખુવારી જ લખી છે. પ્રૉજેક્ટ છોડી દેનારી સ્ત્રી પણ સુખી તો નથી જ. એક પ્રૉફેશનલ ટૅલેન્ટેડ વ્યક્તિને કાઢી મૂકવાથી પ્રૉજેક્ટ પર અસર થવાની જ છે... બીજી તરફ, એક જ ઘરમાં રહેતી બે સ્ત્રીઓ એકબીજાની સામે ઊભી રહી જાય ત્યારે ઘરની શાંતિ, સંવાદ અને સ્નેહ બધું ઘવાય છે, ઉઝરડાય છે.

આપણે બધાએ એવું સમજવાનું છે કે સ્ત્રી ત્યાગ, બલિદાન, સમર્પણની મૂર્તિ ન હોય તો પણ, એણે ઇગો, અહંકાર અને અસલામતીની મૂર્તિ તો નથી જ બનવાનું.

એક ત્રાજવું લઈને ઊભા રહીએ ને નિષ્પક્ષતાથી વિચાર કરીએ તો સમજાય કે સામસામે ઊભેલી બે સ્ત્રીઓ ખરેખર જો સાથે સાથે થઈ જાય તો ઘર, સમાજ અને વ્યાપાર બધામાં જબરજસ્ત સફળતા મેળવી શકે. ઇગોને બદલે ઇન્ટ્રેસ્ટ અને સમસ્યાને બદલે સોલ્યુશન એ દરેક પરિસ્થિતિનો ઉકેલ છે.

■ ■ ■

# ક્ષણનું સત્ય, મણની મથામણ...

"આજથી દસ વર્ષ પહેલાં તેં જે કર્યું એ હું ભૂલ્યો નથી. મારી પાસે એનાં પ્રૂફ છે. તેં મારી સાથે છેતરપિંડી કરી છે, તું ખોટું બોલી છે..." ફોન ઉપર એક પુરુષ એક સ્ત્રીને કહી રહ્યો છે.

"મેં એ માટે માફી માગી છે. મને અફસોસ છે પણ મેં જાણે જોઈને તને દુઃખ પહોંચાડવાનો પ્રયત્ન નથી કર્યો, બલકે સત્ય તો એ છે કે હું તને પ્રેમ કરું છું એટલે તને દુઃખ ન થાય એટલા માટે મેં ખોટું કહ્યું હતું." સ્ત્રી ગળગળી થઈને કહી રહી છે, "તું ભૂલીશ નહીં તો આ સંબંધ કોઈ રીતે શાંત અને સુખી નહીં થઈ શકે. એ પછી આપણે કેટલો સારો સમય સાથે ગાળ્યો છે એ તું ભૂલી ગયો?"

"હા, પણ મને એ દરેક વખતે તારી બેવફાઈ તો ભુલાઈ જ નથી." પુરુષ કહે છે.

એમની વચ્ચે આ સંવાદ કદાચ પચાસમી વાર થઈ રહ્યો હશે. સ્ત્રીની ધીરજ કદાચ આજે ખૂટી છે. એ ઉશ્કેરાઈને પુરુષને કહે છે. તો છોડી દે મને. હું પ્રોસ્ટિટ્યૂટ છું, સ્લટ છું, એક ચાલુ સ્ત્રી છું, બસ? તું એટલાં પ્રૂફ જ યાદ રાખ અને મારી કોઈ પણ સારી વાતો યાદ રાખવાનો પ્રયાસ નહીં કરતો... અંતે એ સ્ત્રી કહી નાખે છે, "તું વારંવાર વિશ્વાસઘાત, વિશ્વાસઘાત કહે છે, પરંતુ તેં મારા ફોનનું વ્હૉટ્સઍપ હેક કરીને, મારા ઇ-મેઇલ હેક કરીને મારા વિરુદ્ધ પુરાવા ભેગા કર્યા એ વિશ્વાસઘાત નથી? તારી બાજુમાં સૂતેલી સ્ત્રીનો ફોન લઈને એની પ્રાઇવસીમાં પ્રવેશ કરવો એ છેતરપિંડી નથી?"

દલીલબાજીનો કોઈ અંત નથી. સમજવાની વાત એ છે કે, અમુક વર્ષો પહેલાં બનેલી ઘટના એટલાં વર્ષો પહેલાં બની જ ચૂકી છે. હવે એક ક્ષણમાં જઈને ઘટનાને બદલી શકાવાની નથી

એની આપણને ખબર જ હોય તો આપણી પાસે બે જ રસ્તા રહે છે, પહેલો, ઘટનાને ભૂલી જઈ અને વ્યક્તિને ચાહતા રહીએ અને બીજો, વ્યક્તિને ભૂલી જઈ અને ઘટનામાં પીડાતા રહેવું.

મોટા ભાગના લોકોની જિંદગીમાં એ બીજા પ્રકારની પસંદગી કરે છે. આપણે વ્યક્તિને છોડવી નથી હોતી એ પત્ની હોય, પ્રેમિકા હોય, પતિ હોય, પ્રેમી હોય, ક્યારેક સંતાન હોય, મિત્ર હોય... પરંતુ, એની સાથે બનેલી કડવી ઘટના આપણને ભુલાતી નથી. આ જગતમાં જન્મ લેનાર દરેક વ્યક્તિ માણસ છે. એનામાં માણસ તરીકેની નબળાઈઓ કે કેટલીક વાર લાલચ સામે ઝૂકી જવાની વીકનેસ હોય તો એ એના અસ્તિત્વનો હિસ્સો છે. દરેક માણસ સ્ટ્રૉંગ અને મોરલી પરફેક્ટ ન જ હોય એટલું તો આપણે પણ સમજીએ છીએ તેમ છતાં, સામેની વ્યક્તિ પાસેથી પરફેક્શનની અપેક્ષામાં આપણે સંબંધને એવી જગ્યાએ લાવીને મૂકી દઈએ છીએ જ્યાંથી ના આગળ જઈ શકાય, ના પાછા વળી શકાય!

આપણે સંબંધ જોઈએ છે, વ્યક્તિ જોઈએ છે પણ આપણી શરતે! આપણે કોઈ પણ પરિસ્થિતિને ચલાવી લેવા કે ક્ષમા કરવા તૈયાર નથી. જેને પ્રેમ કરીએ છીએ એના નાનકડા સ્ખલન કે ભૂલને માફ કરવા તૈયાર નથી... એ કયા પ્રકારનો પ્રેમ છે?

કેટલીક વાર એવું બનતું હોય છે કે વ્યક્તિ તરીકે આપણા સંબંધોની નબળાઈ સામેની વ્યક્તિ જાણતી હોય તેમ છતાં, એનો સ્વભાવ, એની પ્રકૃતિ આપણને એ નબળાઈ વારંવાર દેખાડવાની એને રજા ન આપતી હોય. એને માટે પ્રેમ જ મહત્ત્વનો હોય, નાની નાની તકલીફોને પેલે પાર એને માટે આપણી સાથેના સંબંધોનું મહત્ત્વ વધારે હોય. જો આપણને આવી કોઈ વ્યક્તિ મળી હોય તો એમ માનવું કે આપણે નસીબદાર છીએ. જેને આપણામાં કંઈ બદલવાની, સુધારવાની જરૂર નથી લાગતી એ વ્યક્તિએ આપણને આપેલો સ્વીકાર અને સ્નેહ મેળવવા માટે આપણે પાત્ર બન્યા એ વાતે ઈશ્વરનો આભાર માનવો જોઈએ, પરંતુ મોટા ભાગના લોકોનો પ્રશ્ન એ હોય છે કે એ પોતાની પ્રિય વ્યક્તિની આવી નાનકડી ભૂલ કે સ્ખલનને આગળ ધરી ધરીને એને નીચા પાડવામાં એક વિચિત્ર પ્રકારનો સંતોષ અનુભવે છે! સામેની વ્યક્તિની આવડી મોટી ભૂલ છતાં પોતે 'કેવું લઈ ચલાવે છે!' એ વાતે પોતાની પીઠ થાબડવામાંથી કેટલાક લોકો ઊંચા નથી આવતા. એમને માટે સ્નેહ, પ્રેમ કે સંબંધથી વધુ મહત્ત્વ એ વાતનું છે કે સામેની વ્યક્તિએ પોતાની સાથે ખોટું કર્યું અને પોતે એ વાતનો ભોગ બન્યા છે!

સત્ય તો એ છે કે જો ખરેખર એટલું જ દુઃખ થયું હોય તો જેણે તમારી સાથે બેવફાઈ કરી, ખોટું કર્યું, દગો કર્યો એને છોડીને જવાની આપણામાં હિંમત હોવી જોઈએ. આવી હિંમત હોતી નથી કારણ કે, જે-તે વ્યક્તિ પાસેથી પોતાને

ઘણું બધું જોઈતું હોય છે. વ્યક્તિને છોડવાની કે સંબંધમાંથી બહાર નીકળવાની હિંમત ન હોવા છતાં એ સંબંધમાં નિરાંતે રહેવાની પણ કેટલાક માણસોની પ્રકૃતિ નથી હોતી. જો પ્રેમ મહત્ત્વનો હોય તો ભૂતકાળની એક નાનકડી ભૂલને ભૂલીને પ્રેમનો ઉત્સવ ઊજવવો જોઈએ અને જો ભૂલ મહત્ત્વની હોય તો પ્રેમને ભૂલી જવો જોઈએ આવી સાદી સમજણ પણ કેટલાક લોકોમાં હોતી નથી. સાથે રહેવું, સંબંધમાંથી મળતી બધી સગવડો અને સુખ ભોગવવાં, પરંતુ એ બધા પછી જ્યારે જ્યારે તક મળે ત્યારે સામેની વ્યક્તિને તેની ભૂલ યાદ કરાવીને તિરસ્કૃત - અપમાનિત અનુભવ કરાવવાનું મોટા ભાગના લોકોને માફક આવી ગયું હોય છે. એમને ખબર છે કે એ જેટલી વાર પેલી ભૂતકાળની ભૂલની તલવાર ઉગામશે એટલી વાર સામેની વ્યક્તિને ઉઝરડો પાડીને એને પીડા આપવામાં એમને મજા આવવાની છે... પોતાની જ પ્રિય વ્યક્તિને આમ અપમાનિત કરવાની મજા કેવી રીતે આવી શકે? જેને પ્રેમ કરતા હોઈએ એનું સન્માન કરવું અનિવાર્ય છે... સન્માન વગરનો સ્નેહ ક્યાંય સંભવી શકે જ નહીં.

જૂની ભૂલ યાદ કરીને, કરાવીને જે લોકો અવારનવાર પોતાની પ્રિય વ્યક્તિને ઘૂંટણિયે પાડવાનો આનંદ લે છે એ બધા જ બીજું જે કરતા હોય તે પણ પ્રેમ નથી કરતા એટલું નક્કી છે... હવે સવાલ એ છે કે, જો ભૂતકાળમાં બનેલી એકાદ બેવફાઈ, બેઈમાનીની ઘટના વારંવાર યાદ આવતી હોય અને સતત અસલામતીનો અનુભવ થતો હોય તો શું થઈ શકે? આપણા પ્રેમ પર, આપણા વિશ્વાસ ઉપર વિશ્વાસ રાખવાનો પ્રયત્ન એ આ પરિસ્થિતિનો ઉત્તમ ઉપાય છે. પૂછનારા એમ પણ પૂછે છે કે એક વાર, બે વાર, ત્રણ વાર કેટલી વાર વિશ્વાસ રાખવાનો? તો એનો જવાબ એ છે કે, જ્યાં સુધી આપણી ભીતર પ્રેમ છે ત્યાં સુધી થઈ શકે એટલી વાર વિશ્વાસ કરવાનો. વીંછી અને સાધુની કથા આપણે બહુ વાર સાંભળી છે પણ જિંદગીમાં એક વાર પણ એનો અમલ કરવાની આપણી તૈયારી નથી, એવું કેમ? જેને પ્રેમ કરીએ છીએ એ વ્યક્તિ કદાચ પોતાની એકાદ નાની ભૂલને કારણે-નૈસર્ગિક આકર્ષણ કે થ્રીલની કોઈ મૂર્ખ જેવી ખેવનાને કારણે કોઈ બીજી વ્યક્તિ પ્રત્યે ખેંચાયા હોય તો એ તમને કેમ છોડી નથી ગયા, એ સવાલ માણસે પોતાની જાતને પૂછવાની જરૂર છે. જે વ્યક્તિ પોતાના આકર્ષણને કારણે અન્ય વ્યક્તિ તરફ ખેંચાઈ ગઈ એ જો તમને છોડી નથી શક્યા અથવા તમારાં આટલાં બધાં અપમાન અને બ્લૅકમેલિંગ પછી પણ બધું સહન કરીને તમારી સાથે રહે છે, સંબંધને નૉર્મલ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તો એ એની મજબૂરી નથી, એની મોહબ્બત છે એટલું સમજીને સંબંધને એક વધુ ચાન્સ આપવાનો પ્રયત્ન જરૂર કરી જોઈએ.

■ ■ ■

# પુત્રમોહની પરંપરા : પીડાનું પોટલું

"ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્ર ઉપર મારા (વહાલા પુત્રો) અને પાંડવો શું કરી રહ્યા છે?" આ સવાલ ધૃતરાષ્ટ્ર પૂછે છે, સંજયને. ભગવદ્ગીતાના પહેલા અધ્યાયનો પહેલો શ્લોક છે આ. જો ધ્યાનથી સમજી શકાય તો સમજાય કે મહાભારતનું આ આખુંય યુદ્ધ મારા અને અન્યોની વચ્ચે થયું છે. રામાયણની સૌથી મોટી ટ્રૅજેડી કે સંઘર્ષ પણ મારો પુત્ર ભરત અને કૌશલ્યાનો રામની વચ્ચે કૈકેયીના મનમાં જાગેલો સંઘર્ષ છે. ગણપતિનું મસ્તક છેદવા માટે શિવ પાસે એક જ કારણ છે, કદાચ... આ મારો નહીં પાર્વતીનો પુત્ર છે! છેક આદિકાળ - શિવ-પાર્વતીના સમયથી આજ સુધી સંબંધોમાં એક સમસ્યા આપણને સૌને પજવી રહી છે. આપણે જેને ચાહીએ છીએ તે, અને એ સિવાયના સહુ આવા બે સ્પષ્ટ વિભાગો આપણા મનમાં છે. આપણે જેને ચાહીએ છીએ એને માટે આપણે કંઈ પણ કરવા તૈયાર છીએ. ક્ષમાથી શરૂ કરીને સમર્પણ સુધીનું કંઈ પણ. એમની ભૂલ આપણને દેખાતી નથી. એમની તોછડાઈને આપણે સહી શકીએ છીએ. એમની આડોડાઈ આપણે ચલાવી શકીએ છીએ ને એનું કરેલું અપમાન આપણને અડતું નથી, કારણ કે એ 'પોતાના' છે.

બીજી તરફ એક આખો એવો સમૂહ છે જેને આપણે અન્ય, બીજા, પારકા તરીકે ઓળખીએ છીએ. આ લોકોમાં ક્યારેક પુત્રવધૂ, ક્યારેક જેઠાણી, ક્યારેક સાસુ, ક્યારેક સાવકો ભાઈ તો ક્યારેક દિયર, સાળો કે સામાજિક સ્તરે જેને આપણે 'સગાં' કહી શકીએ એવી ઘણી વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ બધા એવા લોકો છે જેમને વિશે આપણા મનમાં બહુ ઊંડો સ્નેહ કે આદર નથી. કોઈક કારણસર એ આદર કે સ્નેહ જન્મી શક્યો જ નથી. કહેવાનો અર્થ એવો નથી કે સંબંધમાં

આપણે આવું કશું નથી મેળવી શક્યા એ માટે આપણે જવાબદાર છીએ, સામેની વ્યક્તિએ પણ પ્રયાસ ન કર્યો હોય - આપણા પ્રયાસની નોંધ સુધ્ધાં ન લીધી હોય એવું પણ બની જ શકે. સમય સાથે કે પહેલી જ ઓળખાણથી આવી વ્યક્તિઓ આપણા અંગત વર્તુળની બહાર રહી જાય છે. એ પારકા છે, અન્ય છે, બીજા છે...

હવે આ પારકા અને પોતાનાની વચ્ચેનો સંઘર્ષ આપણી ભીતર સતત ચાલ્યા જ કરે છે. આપણે પોતાના માનીએ એ આપણને પોતાના માને જ એવું જરૂરી નથી! આપણે જેને પારકા માનીએ એ આપણને પોતાના માનતા હોય એવું પણ બની જ શકે છે! સંબંધોની આ આંટીઘૂંટી અને માનવમનની ગલીકૂંચી બહુ ગૂંચવતી બાબત છે. મોટા મોટા માનસશાસ્ત્રીઓ પણ હજી સુધી એ વાતનો જવાબ નથી આપી શકતા કે કોઈ વ્યક્તિ આપણને અચાનક જ શા માટે ગમે છે, અથવા અચાનક જ શા માટે નથી ગમતી. આને કેમેસ્ટ્રી, સુષુપ્ત મનમાં પડેલી કોઈક અજ્ઞાન બાબત જેવાં કારણો આપીને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે, પરંતુ સત્ય એ છે કે આપણે બધા જ અજાણતાં કોઈ ધૃતરાષ્ટ્ર સિન્ડ્રોમનો ભોગ બન્યા છીએ. ખાસ કરીને સાસુ-વહુના સંબંધમાં આ સિન્ડ્રોમ બહુ મોટો ભાગ ભજવે છે. મોટા ભાગની વહુઓની ફરિયાદ છે કે, "હું ગમે તેટલું કરીને મરી જાઉં પણ એમને એમના દીકરા સિવાય કોઈ દેખાતું નથી." વહુ ગમે તેટલી સારી હોય, ભલી હોય, સમજદાર હોય ને કાળજી કરતી હોય - બીજી તરફ દીકરો માની સામેય ન જોતો હોય તેમ છતાં માને માટે 'દીકરો' જે જગ્યાએ છે તે જગ્યાએ પુત્રવધૂ ભાગ્યે જ પહોંચી શકે છે! આ આપણા ઉછેરની કમજોરી છે કે પછી સામાજિક દૂષણનો એક મહત્ત્વનો હિસ્સો, કોને ખબર!

પિતાને કદાચ પુત્રનાં દૂષણો, બદીઓ દેખાય છે, સમજાય છે પણ મોટા ભાગની 'મમ્મી'ઓને દીકરો ક્યારેય ખોટો લાગતો નથી. મમ્મી હંમેશાં દીકરાનો પક્ષ લે, સામે પક્ષે પપ્પા હોય તો પણ ને પુત્રવધૂ હોય તો પણ. સવાલ એ છે કે પપ્પા જ્યારે કશું કહે છે ત્યારે એ પુત્રના સુરક્ષિત અને મજબૂત ભવિષ્ય વિશે ચિંતા કરીને એને વધુ સારો માણસ અને સક્ષમ પુરુષ બનાવવાનો પ્રયાસ કરતા હોય છે. બીજી તરફ પુત્રવધૂ જ્યારે પોતાના પતિની ફરિયાદ સાસુને કરે છે ત્યારે એ પોતાની સાસુને 'મા'નો દરજ્જો આપી ચૂકી હોય છે. મોટા ભાગની 'મમ્મી'ને પુત્રવધૂની આવી કોઈ ફરિયાદ સાંભળવામાં રસ હોતો નથી. એટલિસ્ટ, શરૂઆતનાં વર્ષોમાં તો મોટા ભાગની મમ્મીઓ બંધ આંખે દીકરો જ સાચો, દીકરો જ સારો અને દીકરો જ બિચારોની માનસિકતામાં પુત્રવધૂને અન્યાય કરે છે. ક્યારેક કેટલીક મમ્મીને સમય વીતતાં સત્યો સમજાતાં હોય છે, પરંતુ ત્યાં

સુધીમાં સાસુ-વહુના સંબંધો એટલા બધા વણસી ગયા હોય છે કે એકબીજાની સામે હવે સત્ય સ્વીકારવાની જગ્યા બાકી રહેતી નથી. પુત્રવધૂ પોતાને થયેલો અન્યાય ભૂલી શકતી નથી અને સાસુ હવે કદાચ 'સારી' થવા જાય તો પણ એમની વચ્ચે પડેલો ભૂતકાળનો આખો મોટો વજનદાર પથ્થર હવે એ હટાવી શકે એમ હોતી નથી.

પુત્રમોહ આપણાં શાસ્ત્રોમાં બહુ નવી વાત નથી! હવે ધીરે ધીરે દીકરી તરફ ઝૂકી રહેલા લોકો કદાચ થોડાઘણા બદલાયા હોય તો પણ એ સમાજનો એવો સ્તર છે જ્યાં પોતે મૉડર્ન છે અને નવી રીતે વિચારે છે એવું દેખાડવાનો પ્રયાસ થોડો વધુ છે. આ દેશનો મોટા ભાગનો વર્ગ સ્મોલ ટાઉન અને ગામડાઓમાં વસે છે. ઓછું ભણેલી ગામડાની સ્ત્રીનો પુત્રમોહ અદમ્ય અને અવિચળ હોય છે. દુનિયાની કોઈ તાકાત કે સચ્ચાઈ એને એવું સમજાવી શકતી નથી કે જે દીકરો તારી માટે ચિંતા કરતો નથી, કાળજી રાખતો નથી એ દીકરા માટે જીવ બાળવાને બદલે કે એને છાવરવાને બદલે જે પુત્રવધૂ એની કાળજી કરે છે એની સાથે દીકરી જેવો, પ્રેમપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. આ કયા પ્રકારનું શિક્ષણ, માનસિકતા કે ઉછેર છે એ હજી સુધી કોઈ સમજી શક્યું નથી પણ આપણા દેશમાં સાસુ-વહુના સંબંધો સદાય ક્વેશ્ચનમાર્ક રહ્યા છે. વહુને 'પારકી જણી' જેવું વિશેષણ કોલોક્વિયલ - લોકબોલીમાં આપવામાં આવ્યું છે. જમાઈને ક્યારેય પારકો જણ્યો કહેવામાં આવતો નથી! આનું કારણ કદાચ એવું હશે કે અતિ પરિચયાદ અવજ્ઞાનો કાયદો અહીં કામ કરતો હશે. પોતાને ઘેર રહેતો જમાઈ રોજેરોજના ઘર્ષણમાં આવતો નથી. એ ક્યારેક જ સાસરે આવે છે, એટલે કોઈ રૅર ઇવેન્ટની જેમ એનું મહત્ત્વ તહેવાર જેવું છે, જ્યારે પુત્રવધૂ રોજ એ જ ઘરમાં રહે છે. નજર સામે દેખાય છે, સાથે ખાય છે, સાથે જીવે છે માટે એ કોઈ નવાઈની ઘટના નથી. એ રોજિંદી તારીખ છે - કોઈ તહેવાર નથી!

સમય બદલાયો છે. નવા જમાનાની છોકરીઓ કમાય છે, સ્વતંત્ર વિચારી શકે છે ને કદાચ એમનામાં બીજી સ્ત્રી પરત્વેની સહાનુભૂતિ અને આદર થોડો વધુ છે, કદાચ એ પોતાના સ્ત્રીત્વને એ રીતે ગૌરવ આપે છે. છેલ્લા થોડા વખતમાં આપણે એવા કેટલાય કિસ્સા સાંભળ્યા છે કે દીકરા કરતાં પુત્રવધૂ સવાઈ સાબિત થઈ હોય. દીકરો જે ન કરતો હોય એ પુત્રવધૂએ કરી બતાવ્યું હોય. દીકરાના મૃત્યુ પછી પણ, દીકરા સાથે છૂટાછેડા થયા પછી પણ પુત્રવધૂએ પોતાનાં સાસુ-સસરાની કાળજી લીધી હોય! જો કે, બધી પુત્રવધૂઓ આવી ન પણ હોય. નવા જમાનાની છોકરીઓ વિશે ઘણી ફરિયાદો પણ સાંભળવા મળે છે, એમને ઘરકામમાં રસ નથી, બચત કરતી નથી... વગેરે! સવાલ એ છે કે

એ એની જિંદગી એની સ્વતંત્રતાથી જીવે છે એમાં આપણે (કોઈ પણ સાસુ કે વડીલે) ખરેખર કશું કહેવાની જરૂર છે? એ કમાય છે અને એના પૈસા વાપરે છે તો એમાં આપણે કેવી રીતે કંઈ કહી શકીએ? જો એને સ્વતંત્રતા આપીએ તો, એનો આદર કરીએ તો એ પણ સામે એવું જ વર્તે એવું નથી લાગતું? આનું કારણ કદાચ એ છે કે હવેની, નવા જમાનાની છોકરીઓ સંબંધોને સમાજની નહીં, સમજણ અને સ્વતંત્રતાની દૃષ્ટિએ જુએ છે. આ છોકરીઓ જે કંઈ કરે છે તે ડરીને કે સમાજને દેખાડવા નથી કરતી, આ નવા જમાનાની છોકરીઓ જે કંઈ કરે છે એ એના મનની અને એની સમજણની ભેટ છે. આવા સમયમાં જો સાસુઓ પણ થોડુંક મૉડર્ન વિચારતી થાય અને પુત્રવધૂને એના સ્નેહ માટે, એની કાળજી કે સમજણ માટે થોડીક પ્રશંસા, થોડુંક વહાલ ને થોડોક આભાર સાથેનો આદર આપી શકે તો નવા જમાનાની સાસુ-વહુના સંબંધો કોઈક જુદી જ વ્યાખ્યા લખી શકે.

■ ■ ■